# EDUCATION

**PAPER-II**
**SEPT-18/13**

Name & Signature of the Invigilator

..................................................

..................................................

OMR Answer Sheet No. : | | | | | | |

Roll No. : | | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..................................

..................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 34** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર કાઢી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવરપૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   ઉદાહરણ : (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પુરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર, લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## EDUCATION

## PAPER - II

## શિક્ષણ

## પેપર-II

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં **સો (૧૦૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. Aim of Education according to Idealistic Philosophy is ............... .
   (A) Self-expression
   (B) Purity of mind
   (C) Self-realization
   (D) Integrated Personality

1. આદર્શવાદી તત્વજ્ઞાન મુજબ શિક્ષણનું ધ્યેય ........ છે.
   (A) આત્માભિવ્યક્તિ
   (B) મનની શુદ્ધતા
   (C) આત્મ-પ્રતીતિ
   (D) સુગ્રથિત વ્યક્તિત્વ

2. Which philosophy gives more importance to humanistic studies rather than scientific subjects ?
   (A) Idealistic
   (B) Realistic
   (C) Pragmatic
   (D) Existentialistic

2. કયું તત્વજ્ઞાન વૈજ્ઞાનિક વિષયોની તુલનાએ માનવતાવાદી અભ્યાસોને વધુ મહત્વ આપે છે ?
   (A) આદર્શવાદી
   (B) વાસ્તવવાદી
   (C) વ્યવહારવાદી
   (D) અસ્તિત્વવાદી

3. Jainism school of Philosophy emphasizes that goal of education should be based on ............... .
   (A) Real Knowledge
   (B) Right Character
   (C) Right Behaviour
   (D) Real Character

3. તત્વજ્ઞાનની જૈન વિચારધારા ભારપૂર્વક કહે છે કે શિક્ષણનું ધ્યેય ........ ઉપર આધારિત હોવું જોઈએ.
   (A) વાસ્તવિક જ્ઞાન
   (B) યોગ્ય ચારિત્ર્ય
   (C) યોગ્ય વર્તન
   (D) વાસ્તવિક ચારિત્ર્ય

4. The education acquired without any specific purpose, fixed period and place is .................... .

(A) Indirect Education

(B) Individual Education

(C) Informal Education

(D) Non-formal Education

4. નિશ્ચિત હેતુ, ચોકકસ સમય અને સ્થળ વગર મેળવાયેલું શિક્ષણ ....... છે.

(A) પરોક્ષ શિક્ષણ

(B) વ્યક્તિગત શિક્ષણ

(C) અનૌપચારિક શિક્ષણ

(D) બિનૌપચારિક શિક્ષણ

5. Which branch of philosophy examines issues pertaining to the nature of reality ?

(A) Ontology

(B) Aesthetics

(C) Axiology

(D) Epistemology

5. તત્વજ્ઞાનની કઈ શાખા વાસ્તવિકતાના સ્વરૂપ સાથે સંકળાયેલા મુદ્દાઓનું મૂલ્યાંકન કરે છે ?

(A) તત્વમીમાંસા

(B) સૌંદર્યમીમાંસા

(C) મૂલ્યમીમાંસા

(D) જ્ઞાનમીમાંસા

6. Which philosophy of education considers Psychology as an incomplete study of and an inadequate basis of educational theory ?

(A) Idealism

(B) Realism

(C) Pragmatism

(D) Naturalism

6. શિક્ષણનું કયું તત્વજ્ઞાન મનોવિજ્ઞાનને શૈક્ષણિક સિદ્ધાંતનો અપૂર્ણ અભ્યાસ અને અપૂરતો આધાર સમજે છે ?

(A) આદર્શવાદ

(B) વાસ્તવવાદ

(C) વ્યવહારવાદ

(D) પ્રકૃતિવાદ

7. The most important thing for a teacher according to Realism in education is ..................... .

(A) The method of teaching

(B) The value and significance of what is taught

(C) The nature of the child

(D) The organisation of the content to be taught

7. વાસ્તવવાદ અનુસાર શિક્ષણમાં શિક્ષક માટે સૌથી મહત્વની બાબત ........ છે.

(A) અધ્યાપનની પદ્ધતિ

(B) જે શીખવાયું તેનું મૂલ્ય અને મહત્વ

(C) બાળકનું સ્વરૂપ

(D) શીખવવાના વિષયવસ્તુનું સંગઠન

8. Vivekananda's Philosophy of Life was derived from ..................... .

(A) Vedanta Philosophy

(B) Buddhistic Philosophy

(C) Sankhya Philosophy

(D) Plato's Idealism

8. વિવેકાનંદના જીવનનું તત્વજ્ઞાન ....... માંથી વ્યુત્પન્ન થયું હતું.

(A) વેદાંત તત્વજ્ઞાન

(B) બૌદ્ધ તત્વજ્ઞાન

(C) સાંખ્ય તત્વજ્ઞાન

(D) પ્લેટોનો આદર્શવાદ

9. Gandhiji's Philosophy of Education stresses ................ as aim of education.

(A) Social aims

(B) Individual aims

(C) Cultural aims

(D) A synthesis of individual and social aims

9. ગાંધીજીનું શિક્ષણનું તત્વજ્ઞાન શિક્ષણના ધ્યેય તરીકે ......... ઉપર ભાર આપે છે.

(A) સામાજિક ધ્યેયો

(B) વ્યક્તિગત ધ્યેયો

(C) સાંસ્કૃતિક ધ્યેયો

(D) વ્યક્તિગત અને સામાજિક ધ્યેયોનું સંશ્લેષણ

10. According to Logical Positivism, the aim of education is to distinguish between ....................... .

(A) Sense and Non-sense

(B) Knowledge and Ignorance

(C) Real and Virtual

(D) Truth and Untruth

11. Which school of Philosophy of Education advocated Project Method of Teaching ?

(A) Idealism

(B) Realism

(C) Pragmatism

(D) Naturalism

12. Which branch of Philosophy deals with knowledge, its structure, method and validity ?

(A) Logic

(B) Aesthetics

(C) Epistemology

(D) Ontolology

10. તાર્કિક પ્રત્યક્ષવાદ મુજબ શિક્ષણનું ધ્યેય ....... વચ્ચે ભેદ કરવાનું છે.

(A) અર્થપૂર્ણ અને અર્થવિહીન

(B) જ્ઞાન અને અજ્ઞાન

(C) વાસ્તવિક અને આભાસી

(D) સત્ય અને અસત્ય

11. શૈક્ષણિક તત્વજ્ઞાનની કઈ વિચારધારા અધ્યાપનની પ્રકલ્પ પદ્ધતિની ભલામણ કરે છે ?

(A) આદર્શવાદ

(B) વાસ્તવવાદ

(C) વ્યવહારવાદ

(D) પ્રકૃતિવાદ

12. તત્વજ્ઞાનની કઈ શાખા જ્ઞાન, તેનું સ્વરૂપ, પદ્ધતિ અને યથાર્થતા સાથે કામ પાડે છે ?

(A) તર્કશાસ્ત્ર

(B) સૌંદર્યશાસ્ત્ર

(C) જ્ઞાનમીમાંસા

(D) તત્વમીમાંસા

13. 'Liberation' in Buddhist Philosophy is known as .................. .

(A) Nirvana

(B) Moksha

(C) Sadgati

(D) Mrutyu

13. બૌદ્ધ તત્વજ્ઞાનમાં "મુક્તિ" ........ તરીકે ઓળખાય છે.

(A) નિર્વાણ

(B) મોક્ષ

(C) સદ્‌ગતિ

(D) મૃત્યુ

14. The caste system showed signs of loosening under the impact of .................... .

(A) Raja Ram Mohan Roy

(B) Jawahar Lal Nehru

(C) Rajendra Prasad

(D) Mahatma Gandhi

14. ...... ના પ્રભાવ નીચે જ્ઞાતિ પ્રથાએ શિથિલ થવાના સંકેતો દર્શાવ્યા.

(A) રાજા રામમોહન રાય

(B) જવાહરલાલ નહેરુ

(C) રાજેન્દ્ર પ્રસાદ

(D) મહાત્મા ગાંધી

15. Non-material culture consists of ...................... .

(A) Printing Press

(B) Telephone

(C) Rituals

(D) Television

15. બિન–ભૌતિક સંસ્કૃતિમાં ....... હોય છે.

(A) મુદ્રણાલય

(B) ટેલીફોન

(C) રિવાજો

(D) ટેલીવિઝન .

16. Who is considered as "Father of Sociology" ?

(A) Auguste Comte

(B) Herbert Spencer

(C) Durkheim

(D) Weber

16. "સમાજશાસ્ત્રના પિતા" તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) ઓગસ્ટ કોમ્ટે

(B) હર્બર્ટ સ્પેન્સર

(C) દુર્ખેઈમ

(D) વેબર

17. The main purpose of Navodaya Vidyalayas is to give education to ............................ .

(A) Rural Talented Students

(B) Urban Talented Students

(C) Urban girl students only

(D) Rural girl students only

17. નવોદય વિદ્યાલયનો મુખ્ય હેતુ ........ ને શિક્ષણ આપવાનો છે.

(A) ગ્રામ્ય પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ

(B) શહેરી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ

(C) માત્ર શહેરી વિદ્યાર્થીનીઓ

(D) માત્ર ગ્રામ્ય વિદ્યાર્થીનીઓ

18. Which of the following is *not* a characteristic of modernization ?

(A) Social Mobilization

(B) Religious Faith

(C) Empathy

(D) Social Differentiation

18. નીચેનામાંથી શું આધુનિકતાનું લક્ષણ નથી ?

(A) સામાજિક ગતિશીલતા

(B) ધાર્મિક શ્રદ્ધા

(C) સહાનુભૂતિ

(D) સામાજિક વિભેદન

19. Which of the following is *not* a characteristic of culture ?

(A) Culture is learned

(B) Culture is shared

(C) Culture is gratifying

(D) Culture is external

19. નીચેનામાંથી કયું સંસ્કૃતિનું લક્ષણ નથી ?

(A) સંસ્કૃતિ શીખાય છે

(B) સંસ્કૃતિ વહેંચાય છે

(C) સંસ્કૃતિ પરિતૃપ્ત કરે છે

(D) સંસ્કૃતિ બાહ્ય છે

20. When there is conflict in the mind of an individual, he may have to change his ...................... .

(A) Class system

(B) Whole value system

(C) Functional system

(D) Cultural system

20. જ્યારે વ્યક્તિના મનમાં સંઘર્ષ હોય ત્યારે તેણે ........ બદલવું જોઈએ.

(A) વર્ગ વ્યવસ્થા

(B) સમગ્ર મૂલ્ય વ્યવસ્થા

(C) કાર્ય વ્યવસ્થા

(D) સાંસ્કૃતિક વ્યવસ્થા

21. Conflict theory is also known as ................ .

(A) Functionalist theory

(B) Theory of economic determinism

(C) Behaviourist theory

(D) Theory of capitalist

21. સંઘર્ષ સિદ્ધાંતને ........ તરીકે પણ ઓળખવામાં આવે છે.

(A) કાર્યવાદી સિદ્ધાંત

(B) આર્થિક નિયતિવાદનો સિદ્ધાંત

(C) વર્તનવાદી સિદ્ધાંત

(D) મુડીવાદી સિદ્ધાંત

22. Participating actively in the activities of a social group is known as ...................... .

(A) Social equality

(B) Social mobility

(C) Social change

(D) Socialization

22. સામાજીક જૂથની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેવો તે ........ કહેવાય છે.

(A) સામાજીક સમાનતા

(B) સામાજીક ગતિશીલતા

(C) સામાજીક પરિવર્તન

(D) સામાજીકીકરણ

23. Which Article under constitutional provisions of education in India talks about the provision of education for women ?

(A) Article 351

(B) Article 15 (3)

(C) Article 46

(D) Article 30

23. ભારતીય શિક્ષણ અંગેની સંવૈધાનિક જોગવાઈઓ અંતર્ગત કયો અનુચ્છેદ સ્ત્રીઓના શિક્ષણના પ્રબંધ અંગે જણાવે છે ?

(A) અનુચ્છેદ 351

(B) અનુચ્છેદ 15(3)

(C) અનુચ્છેદ 46

(D) અનુચ્છેદ 30

24. "The hand that rocks the cradle rules the world" this proverb suggests to prioritise the education of ......................... .

(A) Child

(B) Minorities

(C) Women

(D) Scheduled caste

24. ''જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે'' આ કહેવત ....... ના શિક્ષણને અગ્રતા આપવા સૂચવે છે.

(A) બાળક

(B) લઘુમતીઓ

(C) સ્ત્રીઓ

(D) અનુસૂચિત જાતિ

25. The Government of Gujarat implemented ....................... in the year 2013-14 to encourage girls' education.

(A) Gunotsav

(B) Saraswati Sadhana Yojna

(C) Vidyadeep Yojna

(D) School Enrolment Drive

25. ગુજરાત સરકારે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા વર્ષ 2013-14 માં ......... યોજનાનો અમલ કર્યો.

(A) ગુણોત્સવ

(B) સરસ્વતિ સાધના યોજના

(C) વિદ્યાદીપ યોજના

(D) શાળા પ્રવેશોત્સવ

26. Who has given the theory of social learning ?

(A) Thorndike

(B) Spearman

(C) Bandura

(D) Watson

26. સામાજિક અધ્યયનનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) થોર્નડાઈક

(B) સ્પીયરમેન

(C) બાંડુરા

(D) વોટસન

27. "Give me the baby and I will make it as you desire" was the diction pronounced by .................... .

(A) Guthrie

(B) Pavlov

(C) Skinner

(D) Watson

27. ''મને બાળક આપો અને હું તેને તમારી ઈચ્છા મુજબ બનાવી દઈશ'' આ કથન કોનું છે ?

(A) ગ્રથી

(B) પાવલોવ

(C) સ્કીનર

(D) વોટસન

28. Thorndike's theory is also known as .......................... .

(A) Connectionism

(B) Associationism

(C) Cognitivism

(D) Socialism

28. થોર્નડાઈકનો સિદ્ધાંત ....... તરીકે પણ ઓળખાય છે.

(A) સંયોજનવાદ

(B) સાહચર્યવાદ

(C) જ્ઞાનાત્મકવાદ

(D) સમાજવાદ

29. Vipul fails in the examination and attributes his failure to the framing of the faulty question paper. Which defence mechanism does he use ?

(A) Projection

(B) Compensation

(C) Identification

(D) Rationalisation

29. વિપુલ પરીક્ષામાં નપાસ થાય છે અને તેની નિષ્ફળતાનું કારણ ભૂલ ભરેલા પ્રશ્નપત્રને ગણાવે છે. તે કઈ બચાવ પ્રયુક્તિ ઉપયોગમાં લે છે ?

(A) પ્રક્ષેપણ

(B) ક્ષતિપૂર્તિ

(C) અભિજ્ઞાન

(D) ઔચિત્ય સ્થાપન

30. In the view of Piaget, the stage of development from the age 7 to 12 years is called .................. .

(A) Sensory motor

(B) Pre-operational

(C) Concrete operational

(D) Formal operational

30. પિયાજેના મતે 7 થી 12 વર્ષની ઉંમરનો વિકાસનો ......... તબક્કો છે.

(A) સંવેદના ચાલક

(B) પૂર્વ–ક્રિયાત્મક

(C) નક્કર ક્રિયાત્મક

(D) ઔપચારિક ક્રિયાત્મક

31. When learning in one situation hinders the learning in another situation, it is called .................. .

(A) Zero transfer

(B) Positive transfer

(C) Negative transfer

(D) Neutral transfer

31. એક પરિસ્થિતિનું અધ્યયન બીજી પરિસ્થિતિમાં અધ્યયનમાં અડચણ બને તે ........ કહેવાય છે.

(A) શૂન્ય સંક્રમણ

(B) હકારાત્મક સંક્રમણ

(C) નકારાત્મક સંક્રમણ

(D) તટસ્થ સંક્રમણ

32. Which is the highest need in the hierarchical system proposed by Maslow ?

(A) Safety

(B) Physiological

(C) Self-esteem

(D) Self-actualization

32. મેસ્લો દ્વારા સૂચવાયેલા શ્રેણિક તંત્રમાં ઉચ્ચતમ જરૂરિયાત કઈ છે ?

(A) સલામતી

(B) શરીરશાસ્ત્રીય

(C) આત્મ સંમાન

(D) આત્મ પ્રતીતિ

33. ......................... is not adjustment mechanism.

(A) Aggression

(B) Compensation

(C) Projection

(D) Depression

33. ....... અનુકૂલન પ્રયુક્તિ નથી.

(A) આક્રમકતા

(B) ક્ષતિપૂર્તિ

(C) પ્રક્ષેપણ

(D) વિષાદ

34. 16 PF Inventory is used to measure ............................ .

(A) Intelligence

(B) Motivation

(C) Personality

(D) Attitude

35. "We do not have to be reinforced in order to learn" is a view of the learning theory of .................. .

(A) Gagne

(B) Hull

(C) Tolman

(D) Thorndike

36. ........................ is not a characteristic of the mentally healthy person.

(A) Self-esteem

(B) Self-perception

(C) Perception of the world

(D) Maladjustment

37. ............................ is a process in which the individual generates an original, unusual and productive solution to a problem.

(A) Creative thinking

(B) Critical thinking

(C) Analytical thinking

(D) Prospective thinking

34. ........... ના માપન માટે 16 PF સંશોધનિકાનો ઉપયોગ થાય છે.

(A) બુદ્ધિ

(B) પ્રેરણા

(C) વ્યક્તિત્વ

(D) મનોવલણ

35. ''અધ્યયન માટે આપણે સુદૃઢીકરણની જરૂર નથી'' તે ........ ના અધ્યયન સિદ્ધાંતનો દૃષ્ટિકોણ છે.

(A) ગેને

(B) હલ

(C) ટોલમન

(D) થોર્નડાઈક

36. ......... માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિનું લક્ષણ નથી.

(A) આત્મ સંમાન

(B) સ્વ–બોધ

(C) દુન્યવી બોધ

(D) અપાનુકુલન

37. ........ ની પ્રક્રિયામાં વ્યક્તિ સમસ્યાઓનો મૌલિક, વિલક્ષણ અને ઉત્પાદક ઉકેલ બનાવે છે.

(A) સર્જનાત્મક વિચારણા

(B) વિવેચનાત્મક વિચારણા

(C) વિશ્લેષણાત્મક વિચારણા

(D) ભવિષ્યલક્ષી વિચારણા

38. An investigator wants to study the vocational aspirations of visually impaired children in a wide geographical area. He should select the sample by .................. sampling technique.

(A) Simple Random

(B) Stratified

(C) Purposive

(D) Convenient

38. એક સંશોધક દૃષ્ટિ–મંદ બાળકોની વિશાલ ભૌગોલિક ક્ષેત્રમાં વ્યાવસાયિક આકાંક્ષાઓનો અભ્યાસ કરવા માગે છે. તેણે નમૂનાની પસંદગી ........ પ્રયુક્તિ દ્વારા કરવી જોઈએ.

(A) સાદો યદૃચ્છ

(B) સ્તરીકૃત

(C) હેતુલક્ષી

(D) અનુકૂળ

39. If the researcher is interested in studying the interactive pattern of effective teaching, he may use ............................ .

(A) Ex-post facto design

(B) Post-hoc design

(C) Co-relation design

(D) Criteria group design

39. સંશોધક જો અસરકારક અધ્યાપનની આંતરક્રિયાત્મક તરેહનો અભ્યાસ કરવામાં રસ ધરાવે છે તો તે ....... નો ઉપયોગ કરે.

(A) કાર્યોત્તર યોજના (એક્સ–પોસ્ટ ફેક્ટો ડિઝાઈન)

(B) પશ્વ યોજના (પોસ્ટ–હોક ડિઝાઈન)

(C) સંબંધાત્મક યોજના (કો–રિલેશન ડિઝાઈન)

(D) માપદંડ જૂથ યોજના (ક્રાઈટેરિયા ગ્રુપ ડિઝાઈન)

40. The method which permits the experimenter to eliminate initial difference on several variables between the experimental and control group by statistical methods is ..................... .

(A) Balancing cases

(B) Analysis of co-variance

(C) Group matching

(D) Experimental variance

40. અંકશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ વચ્ચે કેટલાંક ચલોના પ્રારંભિક તફાવત દૂર કરવા પ્રયોગકારને છૂટ આપતી પદ્ધતિ ........... છે.

(A) પાત્રોનું સમતોલન

(B) સહ વિચરણ વિશ્લેષણ

(C) જૂથ સમકક્ષતા

(D) પ્રાયોગિક વિચરણ

41. The type of research in which the researcher studies the variables in retrospect in search of possible effect is ...................... .

(A) Ex-post facto research

(B) Experimental research

(C) Case study research

(D) Descriptive research

42. The control of extraneous variables in experimental research after the treatment is given can be done through a technique called ................ .

(A) Statistical Regression

(B) Post-test

(C) One-way ANOVA

(D) Analysis of Co-variance

43. A questionnaire that is administered face to face by researcher is known as .................. .

(A) Interview schedule

(B) Check list

(C) Record sheet

(D) Observation schedule

41. ......... પ્રકારના સંશોધનમાં સંભવિત પરિણામ તપાસવા સંશોધક પ્રાશ્ચાતવર્તી ચલોનો અભ્યાસ કરે છે.

(A) કાર્યોત્તર યોજના

(B) પ્રાયોગિક સંશોધન

(C) વ્યક્તિ અભ્યાસ સંશોધન

(D) વર્ણનાત્મક સંશોધન

42. પ્રાયોગિક સંશોધનમાં માવજત અપાયા પછી બાહ્ય ચલોનું નિયંત્રણ ........ પ્રયુક્તિ દ્વારા થઈ શકે છે.

(A) અંકશાસ્ત્રીય પ્રત્યાગમન

(B) ઉત્તર કસોટી

(C) એકમાર્ગી વિચરણ વિશ્લેષણ

(D) સહ વિચરણ વિશ્લેષણ

43. સંશોધક દ્વારા રૂબરૂ સંચાલિત થતી પ્રશ્નાવલિ ........ તરીકે જાણીતી છે.

(A) મુલાકાત પત્રક

(B) ઓળખ યાદી

(C) નોંધ પત્રક

(D) નિરીક્ષણ પત્રક

44. Which of the following type of studies result in finding which could *not* be generalized ?

(A) Descriptive

(B) Action

(C) Experimental

(D) Causal experimental

44. નીચેનામાંથી કયા પ્રકારના અભ્યાસોનાં પરિણામનું સામાન્યીકરણ થઈ શકતું નથી ?

(A) વર્ણનાત્મક

(B) ક્રિયાત્મક

(C) પ્રાયોગિક

(D) કારણ પ્રાયોગિક

45. Which of the following terms is relevant to a qualitative study ?

(A) Comparison

(B) Prediction

(C) Correlation

(D) Exploration

45. નીચેનામાંથી કઈ સંજ્ઞા ગુણાત્મક અભ્યાસ માટે પ્રસ્તુત છે ?

(A) તુલના

(B) આગાહી

(C) સહસંબંધ

(D) અન્વેષણ

46. Which sampling technique will be most appropriate to draw a representative sample from heterogeneous population ?

(A) Stratified Random Sampling

(B) Quota Sampling

(C) Purposive Sampling

(D) Incidental Sampling

46. અસમાંગ વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિરૂપ નમૂનો પસંદ કરવા સૌથી યોગ્ય નમૂના પસંદગી પ્રયુક્તિ કઈ છે ?

(A) સ્તરીકૃત યદૃચ્છ નમૂના પસંદગી

(B) નિયત જથ્થા નમૂના પસંદગી

(C) હેતુલક્ષી નમૂના પસંદગી

(D) આકસ્મિક નમૂના પસંદગી

47. Which of the following is *not* an approach of analysis of qualitative data ?

(A) Logical Analysis

(B) Criterion Analysis

(C) Content Analysis

(D) Inductive Analysis

48. Which of the following is *not* a common element of a research proposal and a research report ?

(A) Objectives and hypotheses

(B) Implications for further research

(C) References to previous research

(D) Sources of data

49. The difference between a statistical average based on the entire population and the one based on a sample is known as .................. .

(A) Standard Error

(B) Mean Difference

(C) Sampling Error

(D) Mean Deviation

47. નીચેનામાંથી કયો ગુણાત્મક માહિતીના વિશ્લેષણનો અભિગમ નથી ?

(A) તાર્કિક વિશ્લેષણ

(B) મૂલક વિશ્લેષણ

(C) વિષયવસ્તુ વિશ્લેષણ

(D) આગમનાત્મક વિશ્લેષણ

48. નીચેનામાંથી શું સંશોધન પ્રસ્તાવ અને સંશોધન અહેવાલનું સામાન્ય તત્વ નથી ?

(A) હેતુઓ અને ઉત્કલ્પનાઓ

(B) ભાવિ સંશોધન માટે સૂચિતાર્થો

(C) અગાઉના સંશોધનના સંદર્ભો

(D) માહિતીના સ્ત્રોતો

49. સમગ્ર વ્યાપવિશ્વ ઉપર આધારિત અને નમૂના ઉપર આધારિત અંકશાસ્ત્રીય મધ્યક વચ્ચેનો તફાવત ........ તરીકે ઓળખાય છે.

(A) પ્રમાણભૂલ

(B) સરાસરીનો તફાવત

(C) નમૂના પસંદગીની ભૂલ

(D) સરાસરી પ્રમાણ વિચલન

50. When the findings of an experimental research are generalized to target population, the research possesses .................. .

(A) Internal validity

(B) Concurrent validity

(C) External validity

(D) Predictive validity

51. Who believes "Man is as material as rest of the world. He is a component of this physical world only" ?

(A) Idealism

(B) Realism

(C) Naturalism

(D) Pragmatism

52. Which of the following statements is *correct* according to Naturalism ?

(A) The present life is a real life

(B) The past life is the real life

(C) The future life is the real life

(D) The present and future life is real life

53. A change in an organism that can be directly measured is known as ........................ .

(A) Growth

(B) Development

(C) Growth and development

(D) Intellectual development

50. જ્યારે પ્રાયોગિક સંશોધનનાં તારણોનું નિર્ધારિત વ્યાપવિશ્વ માટે સામાન્યીકરણ કરાય ત્યારે સંશોધન ......... ધરાવે છે.

(A) આંતરિક યથાર્થતા

(B) સમસામયિક યથાર્થતા

(C) બાહ્ય યથાર્થતા

(D) આગાહીક્ષમ યથાર્થતા

51. કોણ માને છે કે ''મનુષ્ય બાકીના જગત જેટલો જ ભૌતિક છે. તે આ ભૌતિક જગતનો એક ઘટક માત્ર છે'' ?

(A) આદર્શવાદ

(B) વાસ્તવવાદ

(C) પ્રકૃતિવાદ

(D) વ્યવહારવાદ

52. પ્રકૃતિવાદ અનુસાર નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) વર્તમાન જીવન વાસ્તવિક જીવન છે

(B) ભૂતકાલીન જીવન વાસ્તવિક જીવન છે

(C) ભાવિ જીવન વાસ્તવિક જીવન છે

(D) વર્તમાન અને ભાવિ જીવન વાસ્તવિક જીવન છે

53. સજીવમાં જોવા મળતો એવો ફેરફાર કે જેનું પ્રત્યક્ષ રીતે માપન થઈ શકે તેને ....... કહે છે.

(A) વૃદ્ધિ

(B) વિકાસ

(C) વૃદ્ધિ અને વિકાસ

(D) બૌદ્ધિક વિકાસ

54. Which of the following methods is helpful in satisfying individual differences of the students ?

(A) Lecture

(B) Team teaching

(C) Project

(D) Demonstration

54. નીચેનામાંથી કઈ પદ્ધતિ વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો સંતોષવામાં મદદરૂપ થાય છે ?

(A) વ્યખ્યાન

(B) ટીમટીચીંગ.

(C) પ્રોજેક્ટ

(D) નિદર્શન

55. Which of the following is affected by prenatal environment ?

(A) Social development

(B) Growth and development

(C) Emotional development

(D) Creative thinking

55. નીચેનામાંથી શું ગર્ભમાંના વાતાવરણથી અસર પામે છે ?

(A) સામાજિક વિકાસ

(B) વૃદ્ધિ અને વિકાસ

(C) સાંવેગિક વિકાસ

(D) સર્જનાત્મક ચિંતન

56. Who opposed 'G' factor of intelligence and gave group factor theory of intelligence ?

(A) Thorndike

(B) Likert

(C) Thurston

(D) Skinner

56. બુદ્ધિના 'G' ઘટકનો વિરોધ કરીને કોણે બુદ્ધિનો જૂથ ઘટક સિદ્ધાંત આપ્યો હતો.

(A) થોર્નડાઈક

(B) લિકર્ટ

(C) થર્સ્ટન

(D) સ્કિનર

57. Which of the following laws is *not* given by Thorndike ?

(A) Law of effect

(B) Law of exercise

(C) Law of readiness

(D) Law of conditioning

57. નીચેનામાંથી કયો નિયમ થોર્નડાઈકે આપ્યો ન હતો ?

(A) અસરનો નિયમ

(B) પુનરાવર્તનનો નિયમ

(C) તત્પરતાનો નિયમ

(D) અભિસંધાનનો નિયમ

58. Which one of the following is *not* an aspect of personality as emphasized by Gordan W. Allport in his definition of personality ?

(A) Adjustment

(B) Environment

(C) Attitudes

(D) Dynamic organization

58. ગોર્ડન ડબલ્યુ. ઓલપોર્ટની 'વ્યક્તિત્વ' ની વ્યાખ્યામાં દર્શાવ્યા મુજબ નીચેના પૈકી કયું પાસું વ્યક્તિત્વનું નથી ?

(A) અનુકૂલન

(B) વાતાવરણ

(C) મનોવલણો

(D) ગતિશીલ તંત્ર

59. Which one of the following is *not* an environmental factor of personality ?

(A) Beliefs

(B) Genes

(C) Cultural patterns

(D) Social values

59. નીચેના પૈકી કયો ઘટક વ્યક્તિત્વનો વાતાવરણીય ઘટક નથી ?

(A) માન્યતાઓ

(B) જનીન

(C) સાંસ્કૃતિક તરેહો

(D) સામાજિક મૂલ્યો

60. Who is considered to be the founder of Humanistic Psychology ?

(A) C.G. Jung

(B) Alfred Adler

(C) Sigmund Freud

(D) Abraham Maslow

60. માનવતાવાદી મનોવિજ્ઞાનના પિતા કોને ગણવામાં આવે છે ?

(A) સી.જી. જંગ

(B) આલ્ફ્રેડ એડલર

(C) સિગ્મંડ ફ્રોઈડ

(D) અબ્રાહમ મેસલો

61. Which are the types of guidance ?

(A) Social, educational, health

(B) Educational, health, public

(C) Social, educational, public

(D) Social, public, health

61. માર્ગદર્શનના પ્રકારો કયા છે ?

(A) સામાજિક, શૈક્ષણિક, સ્વાસ્થ્ય

(B) શૈક્ષણિક, સ્વાસ્થ્ય, જાહેર

(C) સામાજિક, શૈક્ષણિક, જાહેર

(D) સામાજિક, જાહેર, સ્વાસ્થ્ય

62. Which of the following *cannot* be judged by observation ?

(A) Intellectual level

(B) Attitude

(C) Adjustment level

(D) Growth

62. અવલોકન દ્વારા નીચેનામાંથી શાનો નિર્ણય લઈ શકાતો નથી ?

(A) બૌદ્ધિક કક્ષા

(B) વલણ

(C) અનુકૂલન કક્ષા

(D) વૃદ્ધિ

63. In which type of research, large sample is required ?

(A) Qualitative

(B) Quantitative

(C) Case study

(D) Narrative

63. કયા સંશોધનમાં મોટા નમૂનાની આવશ્યકતા હોય છે?

(A) ગુણાત્મક

(B) સંખ્યાત્મક

(C) વ્યક્તિ અભ્યાસ

(D) કથન

64. Which of the following is an example of non-probability sampling ?

(A) Quota sampling

(B) Simple Random

(C) Stratified

(D) Systematic

65. Which of the following is *correct* ?

(A) Hypothesis and assumptions are the same

(B) Hypothesis can be proved

(C) Hypothesis can be tested

(D) Assumption can be tested

66. The extent to which the researcher can generalise the results of the experiment is known as ................ .

(A) External validity

(B) Internal validity

(C) Content validity

(D) Predictive validity

64. નીચેનામાંથી બિન–સંભાવના આધારિત નમૂના પસંદગીનું ઉદાહરણ કયું છે ?

(A) નિયત–હિસ્સા

(B) સાદો યાદૃચ્છિક

(C) સ્તરીકૃત

(D) યોજના–બદ્ધ

65. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ઉત્કલ્પના અને પૂર્વધારણા એ એક જ છે

(B) ઉત્કલ્પના સાબિત થઈ શકે

(C) ઉત્કલ્પના ચકાસી શકાય

(D) પૂર્વધારણા ચકાસી શકાય

66. સંશોધક કેટલે અંશે પ્રયોગના પરિણામોનું સામાન્યીકરણ કરી શકે છે તે ........ દ્વારા દર્શાવાય છે.

(A) બાહ્ય યથાર્થતા

(B) આંતરિક યથાર્થતા

(C) વિષયવસ્તુ યથાર્થતા

(D) અનુમાનાત્મક યથાર્થતા

67. Pre-test Post-test non-equivalent groups design is an example of :

(A) Factorial design

(B) True experimental design

(C) Pre-experimental design

(D) Quasi-experimental design

67. પૂર્વ–કસોટી–ઉત્તર–કસોટી અસમાન જૂથોવાળી યોજના એ ........ નું ઉદાહરણ છે.

(A) ઘટનાત્મક યોજના

(B) પૂર્ણ પ્રાયોગિક યોજના

(C) પૂર્વ પ્રાયોગિક યોજના

(D) આંશિક પ્રાયોગિક યોજના

68. The major hurdle in the way of realizing the goal of universalization of elementary education in India is :

(A) Poverty

(B) Child labour

(C) Wastage and stagnation

(D) Laxity of governmental machinery

68. ભારતમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણમાં મુખ્ય અવરોધ ......... ને કારણે છે.

(A) ગરીબી

(B) બાળ–મજૂરી

(C) અપવ્યય અને સ્થગિતતા

(D) સરકારી તંત્રની શિથિલતા

69. The school administration in U.S.A. is done through :

(A) Locally elected school boards

(B) School districts

(C) State education authorities

(D) Federal government

69. યુ.એસ.એ. માં શાળાનો વહીવટ ....... દ્વારા થાય છે.

(A) સ્થાનિક રીતે ચૂંટાયેલા શાળા મંડળો

(B) શાળાના જિલ્લાઓ

(C) શિક્ષણ માટેનું રાજયનું સત્તા મંડળ

(D) કેન્દ્ર સરકાર

70. Which curricular model offers maximum academic freedom ?

(A) Grassroot

(B) Administrative

(C) Demonstration

(D) System analysis

71. At one time in Bihar, a B.A. student had to appear in the University examination only once — at the end of three year degree course. This was an example of ................ .

(A) Formative evaluation

(B) Summative evaluation

(C) Comprehensive evaluation

(D) Normative evaluation

72. In which country, the first open university was established in the world ?

(A) UK

(B) USA

(C) India

(D) Australia

70. કયું અભ્યાસક્રમ પ્રતિમાન મહત્તમ શૈક્ષણિક સ્વાતંત્ર્ય આપે છે ?

(A) તૃણમૂળ

(B) વહીવટી

(C) નિદર્શન

(D) તંત્ર વિશ્લેષણ

71. એક સમયે બિહારમાં, બી.એ. ના એક વિદ્યાર્થીએ ફક્ત એક વાર–ત્રણ વર્ષને અંતે પરીક્ષા આપવાની હતી. આ ઉદાહરણને ....... કહેવાય.

(A) વિકાસાત્મક મૂલ્યાંકન

(B) સમગ્રતાલક્ષી મૂલ્યાંકન

(C) સર્વાંગીણ મૂલ્યાંકન

(D) માનાંક–આધારિત મૂલ્યાંકન

72. દુનિયામાં પ્રથમ ઓપન યુનિવર્સિટી કયા દેશમાં સ્થપાઈ હતી ?

(A) UK

(B) USA

(C) India

(D) Australia

73. The idea of four pillars of learning was suggested by ..................... .

(A) UNICEF

(B) UNESCO

(C) NCTE

(D) UGC

74. The acronym 'CLASS' stands for ..................... .

(A) Complete Literacy And Studies in Schools

(B) Computer Literates And Students in Schools

(C) Computer Literacy And Studies in Schools

(D) Centre for Literacy And Studies in Schools

75. In India the open and distance learning programmes at higher education level are monitored by ............................ .

(A) MHRD

(B) IGNOU

(C) DEC

(D) DEB

73. અધ્યયનના ચાર સ્થંભ (ફોર પીલર્સ) નો વિચાર ........ દ્વારા સૂચવાયો હતો.

(A) UNICEF

(B) UNESCO

(C) NCTE

(D) UGC

74. CLASS ..................... નો સંક્ષેપ છે.

(A) Complete Literacy And Studies in Schools

(B) Computer Literates And Students in Schools

(C) Computer Literacy And Studies in Schools

(D) Centre for Literacy And Studies in Schools

75. ભારતમાં મુક્ત અને દૂર શિક્ષણ કાર્યક્રમોનું નિયંત્રણ .......... દ્વારા થાય છે.

(A) એમ.એચ.આર.ડી.

(B) ઈગ્નોઉ

(C) ડીઈસી

(D) ડીઈબી

76. What is central to administration ?

(A) Coordination

(B) Communication

(C) Organisation

(D) Decision-making

76. સંચાલનના કેન્દ્રમાં શું છે ?

(A) સંયોજન

(B) પ્રત્યાયન

(C) સંગઠન

(D) નિર્ણય પ્રક્રિયા

77. The individual in the group who is given the task of coordinating is known as .................... .

(A) Guide

(B) Instructor

(C) Supervisor

(D) Task Teacher

77. જૂથમાં જે વ્યક્તિને સંયોજનનું કાર્ય આપવામાં આવે તે .......... તરીકે ઓળખાય છે.

(A) ગાઈડ

(B) ઈન્સ્ટ્રક્ટર

(C) સુપરવાઈઝર

(D) ટાસ્ક–ટીચર

78. Institutional planning is prepared on the basis of ..................... .

(A) Needs of Institution

(B) Directions of Government

(C) Resources of Institution

(D) Needs and Resources of Institution

78. સંસ્થાકીય આયોજન ........ ના આધાર પર તૈયાર કરવામાં આવે છે.

(A) સંસ્થાની જરૂરિયાતો

(B) સરકારના નિર્દેશો

(C) સંસ્થાના સંસાધનો

(D) સંસ્થાની જરૂરિયાતો અને સંસાધનો

79. ......................... theory of Leadership emphasizes cooperation, ethic and higher human values.

(A) Transformational

(B) Transactional

(C) Great Man

(D) Trait

79. નેતૃત્વના ........ સિદ્ધાંત સહકાર, નીતિ અને ઉચ્ચતર માનવ મૂલ્યો ઉપર ભાર કરે છે.

(A) રૂપાંતરણાત્મક

(B) આંતરક્રિયાત્મક

(C) મહા માનવ (ગ્રેટ મેન)

(D) લક્ષણ

80. Reduction in the cost, better quality, division of labour and avoidance of disputes are benefits of ........................ management.

(A) Scientific

(B) Autocratic

(C) Democratic

(D) Cooperative

81. ........................ test is designed to measure student performance against a fixed set of learning standards.

(A) Objective

(B) Criterion-referenced

(C) Subjective

(D) Norm-referenced

82. 'Statement of opinion' is central idea of ...................... .

(A) review

(B) feedback

(C) inventory

(D) test

80. ખર્ચમાં ઘટાડો, વધુ સારી ગુણવત્તા, શ્રમનું વિભાજન અને વિવાદોને ટાળવા તે ...... મેનેજમેન્ટના લાભ છે.

(A) વૈજ્ઞાનિક

(B) સરમુખત્યાર

(C) લોકશાહી

(D) સહકારી

81. ....... કસોટી અધ્યયનના સુનિશ્ચિત ધોરણો સામે વિદ્યાર્થીકાર્યનું માપન કરવા રચાયેલી હોય છે.

(A) વસ્તુ લક્ષી

(B) મુલક–સંદર્ભ

(C) આત્મલક્ષી

(D) માનાંક–સંદર્ભ

82. 'અભિપ્રાયનું વિધાન' નો કેન્દ્રીય વિચાર છે.

(A) સમીક્ષા

(B) પ્રતિપોષણ

(C) સંશોધનિકા

(D) કસોટી

83. Which of the following is a measure of location ?

(A) Mode

(B) Mean

(C) Percentile

(D) Standard Deviation

84. A definite procedure of collecting information from students for the purpose of their evaluation is known as a ........................ .

(A) Tool of evaluation

(B) Scale of evaluation

(C) Norm of evaluation

(D) Technique of evaluation

85. What is also known as 'Inter Scorer Reliability' ?

(A) Validity

(B) Objectivity

(C) Usability

(D) Reliability

83. નીચેનામાંથી શું સ્થાનનું માપ છે ?

(A) બહુલક

(B) મધ્યક

(C) પ્રતિશત ક્રમાંક

(D) પ્રમાણ વિચલન

84. વિદ્યાર્થીઓ પાસેથી તેમના જ મૂલ્યાંકનના હેતુ માટે માહિતી એકત્ર કરવાની નિશ્ચિત રીતને ......... કહે છે.

(A) મૂલ્યાંકન ઉપકરણ

(B) મૂલ્યાંકન માપદંડ

(C) મૂલ્યાંકન માનાંક

(D) મૂલ્યાંકન પ્રયુક્તિ

85. શું 'આંતર ગુણાંકનકર્તા વિશ્વસનીયતા' તરીકે પણ ઓળખાય છે ?

(A) યથાર્થતા

(B) વસ્તુલક્ષિતા

(C) ઉપયોગિતા

(D) વિશ્વસનીયતા

86. According to educational technology, good learning means .......................... .

(A) Effective learning

(B) Effective and efficient learning

(C) Effective and interactive learning

(D) Effective, efficient and interactive learning

86. શૈક્ષણિક ટેકનોલોજિ અનુસાર સારૂં અધ્યયન એટલે ....... .

(A) અસરકારક અધ્યયન

(B) અસરકારક અને કાર્યક્ષમ અધ્યયન

(C) અસરકારક અને આંતરક્રિયાત્મક અધ્યયન

(D) અસરકારક, કાર્યક્ષમ અને આંતરક્રિયાત્મક અધ્યયન

87. Effective persuasion is an outcome of ...................... .

(A) Audio-visual communication

(B) Written communication

(C) Visual communication

(D) Audio communication

87. અસરકારક પ્રતીતીકરણ ....... નું પરિણામ છે.

(A) દૃશ્યશ્રાવ્ય પ્રત્યાયન

(B) લિખિત પ્રત્યાયન

(C) દૃશ્ય પ્રત્યાયન

(D) શ્રાવ્ય પ્રત્યાયન

88. Educational technology defines a teacher as ................ .

(A) Computer

(B) Instructor

(C) Multimedia

(D) Material

88. શૈક્ષણિક ટેકનોલોજી શિક્ષકને ........ તરીકે વ્યાખ્યાયિત કરે છે.

(A) કમ્પ્યૂટર

(B) ઈન્સ્ટ્રક્ટર

(C) બહુમાધ્યમો

(D) સામગ્રી

89. Which of the following is *not* a limitation of the Distance Education ?

(A) Low status than face to face education

(B) Poor quality of learning material

(C) Poor personal contact programme

(D) Life long learning

90. Computer Screen Reading Technology is an effective way of learning for ................... .

(A) slow learner

(B) visual impaired learner

(C) hearing impaired learner

(D) mentally retarded learner

91. A child who reads 'top' as 'pot' falls in which category of learning disability ?

(A) Dyscalculia

(B) Dyspraxia

(C) Dyslexia

(D) Dysgraphia

89. નીચેનામાંથી કઈ દૂરવર્તી શિક્ષણની મર્યાદા નથી ?

(A) રૂબરૂ શિક્ષણ કરતાં નીચો દરજ્જો

(B) અધ્યયન સામગ્રીની નબળી ગુણવત્તા

(C) નબળો વ્યક્તિગત સંપર્ક કાર્યક્રમ

(D) આજીવન શિક્ષણ

90. કમ્પ્યૂટર સ્ક્રીન વાચન ટેકનોલોજી ........ માટે અધ્યયનની અસરકારક રીત છે.

(A) મંદ અધ્યેતા

(B) દૃષ્ટિમંદ અધ્યેતા

(C) શ્રવણમંદ અધ્યેતા

(D) મનોમંદ અધ્યેતા

91. 'top' ને 'pot' તરીકે વાંચતું બાળક અધ્યયન વિકલાંગતાના કયા વર્ગમાં આવે છે ?

(A) Dyscalculia

(B) Dyspraxia

(C) Dyslexia

(D) Dysgraphia

92. How many disability areas are covered under Rights of Person With Disability (RPWD) Act, 2016 ?

(A) 7

(B) 16

(C) 21

(D) 26

93. All Teacher Education Institutions offering special education programmes are regulated by ............................ .

(A) NCTE

(B) NCERT

(C) RCI

(D) MCI

94. Which of the following factors will *not* lead to educational backwardness ?

(A) Educational environment of the school

(B) Emotional climate of the family

(C) Occupation of the family

(D) Socio-economic status of the family

92. વિકલાંગ વ્યક્તિના અધિકારોનો કાયદો, 2016 (RPWD Act, 2016) અંતર્ગત વિકલાંગતાના કેટલા ક્ષેત્રોનો સમાવેશ થાય છે ?

(A) 7

(B) 16

(C) 21

(D) 26

93. વિશિષ્ટ શિક્ષણ આપતા શિક્ષક પ્રશિક્ષણના બધા સંસ્થાનોનું નિયમન ....... દ્વારા થાય છે.

(A) NCTE

(B) NCERT

(C) RCI

(D) MCI

94. નીચેનામાંથી કયું પરિબળ શૈક્ષણિક પછાતતા માટે જવાબદાર નથી ?

(A) શાળાનું શૈક્ષણિક પર્યાવરણ

(B) કુટુંબની સાંવેગિક આબોહવા

(C) કુટુંબનો વ્યવસાય

(D) કુટુંબનો સામાજીક–આર્થિક દરજ્જો

95. Which of the following *cannot* be taught to imbeciles ?

(A) Social skills

(B) Self-help skills

(C) Writing skills

(D) Occupational skills

95. નીચેનામાંથી શું બાલિશ–બુદ્ધિને શીખવી શકાતું નથી ?

(A) સામાજીક કૌશલ્યો

(B) સ્વાશ્રય કૌશલ્યો

(C) લેખન કૌશલ્યો

(D) વ્યવસાયિક કૌશલ્યો

96. The two year duration of B.Ed. and M.Ed. Programmes in Indian Teacher Education Institutions was introduced due to NCTE Regulation ....................... .

(A) 2005

(B) 2009

(C) 2014

(D) 2015

96. ભારતની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં બે વર્ષના સમયગાળાના બી.એડ. અને એમ.એડ. કાર્યક્રમોની શરૂઆત એન.સી.ટી.ઈ. ના અધિનિયમ ....... થી થઈ.

(A) 2005

(B) 2009

(C) 2014

(D) 2015

97. In-service training to secondary and higher sceondary school teachers and teacher educators is provided by ......................... .

(A) HRDC

(B) CTE

(C) SCERT

(D) BRC

97. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શિક્ષકોને અને શિક્ષક પ્રશિક્ષકોને સેવાકાલીન તાલીમ ....... દ્વારા પૂરી પાડવામાં આવે છે.

(A) HRDC

(B) CTE

(C) SCERT

(D) BRC

98. Administration and Management of DIETs in most state in India is under control of ........................ .

(A) NCERT

(B) MHRD

(C) SCERT

(D) NCTE

98. જિશિતાભ (DIETs) નું સંચાલન અને વ્યવસ્થાપન ભારતના મોટા ભાગના રાજ્યોમાં ...... ના નિયંત્રણમાં છે.

(A) NCERT

(B) MHRD

(C) SCERT

(D) NCTE

99. Quality Assurance Agency engaged by NCTE in the year 2017-18 for Teacher Education Institutions in India is ..................... .

(A) NAAC

(B) NBA

(C) QCI

(D) ISO

99. ......... ગુણવત્તા બાંયધરી એજન્સીને ભારતમાં વર્ષ 2017-18 માં એન.સી.ટી.ઈ. દ્વારા શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓ માટે સ્વીકારવામાં આવી.

(A) NAAC

(B) NBA

(C) QCI

(D) ISO

100. Specified teaching skill is acquired through ...................... .

(A) Classroom teaching

(B) Micro teaching

(C) Repeated teaching

(D) Strategic teaching

100. નિર્દિષ્ટ અધ્યાપન કૌશલ્ય ...... મારફત પ્રાપ્ત થાય છે.

(A) વર્ગખંડ અધ્યાપન

(B) સૂક્ષ્મ અધ્યાપન

(C) પુનરાવર્તીત અધ્યાપન

(D) વ્યૂહાત્મક અધ્યાપન

ROUGH WORK

SEAL